

## પાલનપુરમાં વેકેશનના છેલ્લા દિવસોમાં બાગમાં કિલ્લોલ કરવા ભારે ધસારો

હાલમાં શાળા-બાલમંદિરોમાં ઉનાળુ વેકેશન પૂર્ણ થવામાં છે. ત્યારે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓ બાલ મંદિરના ભૂલકાંઓ તેમના મમ્મી-પપ્પા સાથે શહેરના બાગ-બગીચાઓમાં રમી કુદી કિલ્લોલ કરવા ભારે ધસારો કરી રહ્યા છે. પાલનપુરના જહાંનારા બાગ (શશિયન), ચમન બાગ, માન સરોવર બગીચો, જિલ્લા પંચાયત બગીચો સહિત હાઈ-વે વિસ્તારની હોટલોના બગીચાઓમાં સહેલાણીઓ મોટી સંખ્યામાં ઉનાળુ વેકેશનના દિવસોમાં જલસા કરી રહ્યા છે. બુટબાગ તરીકે ઓળખાતા શહેર વચ્ચે અંબાજી મંદિર પાસેના ચમન બાગમાં ચકરડીઓ, હિંચકાઓ, લપસણી, પાણીપુરી, નાસતા આઈસક્રીમની મજા લોકો માણી રહ્યા છે. આનું સંચાલન લાયન્સ કલબ ઓફ પાલનપુરના પ્રમુખ વસંતભાઈ ગજ્જરની ટીમ અને માનસરોવર બગીચાની દેખરેખ રોટરી કલબના સંચાલકો કરે છે. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

## સાબરકાંઠા જિલ્લાનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૧.૯૧ ટકા

હિંમતનગર, તા. ૩

ગુજરાત હાયર સેકન્ડરી બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજરોજ જાહેર કરવામાં આવ્યું છે. સાબરકાંઠા જિલ્લાનું સામાન્ય પ્રવાહનું પરિણામ ૮૧.૯૧ ટકા આવ્યું છે. ત્યારે જિલ્લામાંથી એક જ વિદ્યાર્થી એ-વન ગ્રેડ મેળવી શક્યો છે. જિલ્લામાં ઈસરી કેન્દ્રનું ૯૭.૨ અને સૌથી ઓછુ પરિણામ લાંબડીયાનું ૪૯.૨૦ ટકા આવ્યું છે. સાબરકાંઠા જિલ્લામાં ૨૫ કેન્દ્રો પરથી ૨૨૭૬૩ વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી.

મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ સહિત ૩૦ થઈ વધુ પરીક્ષા કેન્દ્રો પરથી ૨૨૯૮૩ વિદ્યાર્થીઓમાંથી ૨૨૭૬૩ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. શિક્ષણ બોર્ડ દ્વારા આજરોજ વેબસાઈડ પર પરીણામ જાહેર કરવામાં આવતાં જ પરીક્ષાર્થીઓ તેમજ વાલીઓ પરીણામ જાણવા માટે સાયબર કાફે અને મોબાઈલ દ્વારા પરિણામ જાણવા માટે ઉત્સુક બન્યા હતા. ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ એક બીજાને શુભેચ્છા પાઠવી હતી.

# હિંમતનગરમાં દબાણ હટાવ ઝુંબેશ

## પ્રાન્ત અધિકારી દ્વારા હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન એસ.ટી. સ્ટેન્ડ પાસેના દબાણો દૂર કરી દંડ વસૂલ કરાયો

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં દબાણોના કારણે ટ્રાફિકની સમસ્યા વિકટ બનતી જાય છે. ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે હિંમતનગરના મદદનીશ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અજયપ્રકાશ તેમજ ચીફ ઓફિસર નવનીતભાઈ પટેલ દ્વારા રસ્તાઓ ઉપરના દબાણો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગ રૂપે સોમવારે સવારે એસ.ટી. સ્ટેન્ડ વિસ્તારમાં લારી-ગલ્લા ઉભા રાખી ટ્રાફિકને અડચણ પેદા કરતા દબાણો દૂર કરી ૨૮ લારી-ગલ્લા વાળાઓ પાસેથી દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

હિંમતનગર શહેરના સ્ટેશનરોડ, હાજીપુરા, જુનાબજાર, સિવિલસર્કલથી એસ.ટી. સ્ટેન્ડ સહિતના વિસ્તારમાં દબાણોનો વ્યાપ વધી રહ્યો છે. જેના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વિકટ બનતી જાય છે. ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે મદદનીશ કલેક્ટર અજય પ્રકાશ દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે સોમવારે એસ.ટી. સ્ટેન્ડ વિસ્તારમાં દબાણકામગીરી હાથ ધરવામાં આવી હતી. મદદનીશ કલેક્ટરની રાહબરી હેઠળ નાયબ મામલતદાર દેવેશભાઈ પટેલ, નાયબ મામલતદાર જી.એ. પાટીલ, જે.આર. મકવાણાએ પોલીસમ કાફલા સાથે ૨૮ જેટલા લારી-ગલ્લા દૂર કરી તેમની પાસેથી દંડ વસુલ કર્યો હતો.

## ડીસાના મોટા કાપરા નજીક અકસ્માત : એકનું મોત

### બનાસકાંઠા જિલ્લામાં દિનપ્રતિદિન અકસ્માતોનું પ્રમાણ વધવા લાગ્યું



છે. ત્યારે ગતરોજ બપોરના સમયે ડીસા થરાદ હાઈવે પર આવેલ મોટા કાપરા પાસે પરત ફરેલી જાનને અકસ્માત થતા એકનું મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય ત્રણને ગંભીર ઈજા થવા પામી હતી. પ્રાપ્ત માહિતી પ્રમાણે ડીસા તાલુકાના બાઈવાડા ગામેથી આગથળા મુકામે આવેલી જાન લગ્ન પતાવી પાછી ફરી રહી હતી ત્યાં ડીસા તરફથી આવી રહેલ મારૂતિ સ્વીફટ ગાડી નં. જીજે ૨૪ એ ૬૨૨૮ અને જાનની ગાડી નં. જીજે ૮ એ ૮૭૩૯ સાથે ધડાકા સાથે ટકરાતાં જાનમાં આવેલ કિશોરભાઈ શંભુલાલ ઠક્કર (ઉ.વ.આ. ૫૩) રહે. ડીસા, નું ઘટના સ્થળે મોત થવા પામ્યું હતું. જ્યારે કારમાં બેઠેલ રબારી પ્રકાશભાઈ ખોડાભાઈ તેમજ રબારી ઢેગાભાઈ ભેમાભાઈ બન્ને રહે કાતરવા તથા ઠાકોર પબાજી હરીજી, રહે. બાઈવાડાને ગંભીર ઈજાઓ થતાં તેઓને વધુ સારવાર અર્થે ડીસા ખાતે ખસેડવામાં આવ્યા હતા. તેમજ મૃતક ની લાશને ડીસા સીવિલ હોસ્પીટલ ખાતે પી.એમ. અર્થે ખસેડવામાં આવી હતી.

**ડીસા તાલુકાના બાઈવાડા ગામેથી આગથળા મુકામે આવેલી જાન લગ્ન પતાવી પાછી ફરી રહી હતી**

## ઉમરેઠ-ડાકોર માર્ગ પર સ્ટ્રીટ લાઈટો બંધ થતા ભારે રોષ

### અવારનવાર રજુઆતો કરવામાં આવી છતાં કોઈ કાર્યવાહી ન કરાતા ભભૂકી ઉઠેલો રોષ

ઉમરેઠ, તા.૩

ઉમરેઠ-ડાકોર માર્ગ પર ઓડ ચોકડીથી અંબિકાનગર સુધીનો માર્ગ શોભામાં અભિવૃધ્ધિ કરી રહ્યો છે અને માર્ગની વચ્ચે ડીવાઈડરની અંદર નવા તંત્ર દ્વારા નવા પોલ ઉભા કરી લાઈટ લગાવવામાં આવી હતી પરંતુ છેલ્લા ઘણા સમથી આ માર્ગની તમામ સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં પડી છે. આથી નાગરિકો ભારે પરેશાન થઈ ઉઠયા છે. આ સંદર્ભે પ્રજાજનો દ્વારા તંત્રના અધિકારીને અવારનવાર રજુઆતો કરવામાં આવી છતાં કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન કરવામાં આવતા રોષ પ્રગટ કર્યો છે અને હવે તંત્ર ઉદાસીનતા છોડી વહેલી તકે લાઈટો ચાલુ કરાવે તેવી માંગણી કરી રહ્યા છે.

## પ્રાંતિજ શહેરમાં ધુતારાઓની ગેંગ સક્રિય

### બજાર કરતા નીચે ભાવે અને અસલ ચાઈનાની વસ્તુઓથી ગ્રાહકોને રોવાનો વારો આવ્યો

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોઈક અનોખો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કહેવાય છે ને કે લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે મરતા નથી. એવો જ એક ધૂતારો એક સ્કીમ દ્વારા ઈલેક્ટ્રોનિક આઈટમો લઈને એક લાખ કરતાયે વધારેનો ચૂનો પ્રાંતિજના સ્થાનિકોને ઠગ કંપની દ્વારા લગાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર એક ચારસો સાત ગાડી ભરીને પ્રાંતિજની સોસાયટીઓમાં ફરી અને ઘરે ઘરે જઈને કંપનીમાંથી આવ્યા છીએ. ૫૦૦૦નું કુલર બજારમાં મળે છે. પરંતુ કંપનીની જાહેરાત માટે આ કૂપન સ્કેચ કરશો તો કુપનમાંથી અંદર જે હશે તે મળશે અને રૂપિયા ૧૦૦૦નું ડિસ્કાઉન્ટ તો ખરૂજ તેની સાથોસાથ એક આકર્ષક બેગ ફ્રી અને જો આપને પસંદ ન પડે તો આવતીકાલે અમે પાછા આવવાના છીએ. અને વસ્તુ બદલી આપીશુ. અથવા આપને પૈસા પાછા મેળવવા હોય તો પણ આપ લઈ શકો છો. આમ વિવિધ ચટપટી વાતો કરી લોભામણી સ્કીમ રજુ કરી લાલચમાં પાડી રૂપિયા ૨૦૦૦ના કુલરના ૩૫૦૦ પડાવી ગયા છે. જ્યારે કુપનમાં સ્કેચ કરવાથી ઈસ્ત્રી જેવી નાની મોટી આઈટમો નિકળતી અને તેવો મોટા ટેબલફેન ઈલેક્ટ્રોનિક સગડી, મીક્ષર મશીન જેવી ઈલેક્ટ્રોનિક ગાડી ભરેલો માલ લઈ આવ્યા હતા. જેથી ગાડી ભરેલો માલ જોતા દરેક માણસ તેમની લાલચમાં આવી જાય અને અમે કંપનીમાંથી આવીએ છીએ. કંપની નવી હોવાથી ઘરે ઘરે જઈને સેલીંગ કરવા માંગીએ છીએ જેથી અમારો પ્રચાર થાય આમ કરી રૂપિયા ૧ લાખથી પણ વધારેનો પ્રાંતિજ શહેર તેમજ એપ્રોચ રોડ ઉપરની સોસાયટીઓમાં ચૂનો લગાવી ગયા છે. જ્યારે બજાર કરતા નીચે ભાવે અને અસલ ચાઈનાની વસ્તુઓથી ગ્રાહકોને રોવાનો વારો આવ્યો છે.



ઉનાળાની મૌસમમાં સૂરજદાદાના પ્રકોપથી પાલનપુરની તમામ જનતા ત્રાહીમામ પોકારી ગઈ છે. સવારથી સાંજ સુધી શહેરના માર્ગ પર કર્ફ્યુ હોય તેમ ખાલીખમ લાગી રહ્યા છે. સાથો સાથ ચાલતી લગ્ન સીઝન પર પણ ગરમીની અસર પડી છે. વર-વધુ સાથે જાનૈયાઓની હાલત કફોડી બની છે તો બીજી બાજુ નાના ભૂલકાંઓ ચાર-પાંચ વાર પાણીથી સ્નાન કરી રાહત અનુભવે છે. **(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

## ખેડબ્રહ્માના ધારાસભ્યએ સંકલન બેઠકમાં પ્રશ્નો રજુ કર્યા

### મનરેગાના કામોમાં થયેલ ભ્રષ્ટાચાર, ઈન્દીરા આવાસ સહિત ૧૪ મુદ્દાઓ સંકલનમાં લેવા મોકલી આપ્યા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લો એટલે આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત જિલ્લામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સહિત બક્ષી પંચના લોકો રહે છે. પછાત વર્ગના ગરીબ લોકોને રોજગારી મળે તે માટે સરકારની મનરેગા યોજના ચાલે છે. જેમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનું બહાર આવવા પામ્યું છે. ત્યારે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે સંકલનની બેઠકમાં મનરેગાના કામો અને તેમાં થયેલ ભ્રષ્ટાચારની ચર્ચા માટે પ્રશ્નો મોકલી આપ્યા છે તે ઉપરાંત ઈન્દીરા આવાસ યોજના, પીવાના પાણીના પ્રશ્નો ખેડતો માટે ટ્રેક્ટરની યોજના સહિત ૧૪ જેટલા મુદ્દાની બેઠકમાં ચર્ચા કરી નિવારણ લાવવા માટે લેખિતમાં પ્રશ્નો રજુ કર્યા છે.

સાબરકાંઠા જિલ્લામાં મનરેગા સહિતના કામોમાં ભ્રષ્ટાચાર થયાનું બહાર આવતાં ખેડબ્રહ્માના તાલુકા વિકાસ અધિકારી સહિત ૩ સામે ફરીયાદ નોંધાતા જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. મનરેગાના કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે તેમજ ગરીબોનું શોષમ થઈ રહ્યુંછે. તેવા આક્ષેપો સાથે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલે સંકલનની બેઠકમાં પ્રશ્નો લેવા માટે કલેક્ટરને મોકલી આપ્યા છે. તે ઉપરાંત ધારાસભ્યએ ઈન્દીરા આવાસ અને સરદાર આવાસ હેઠળ કેટલા લાભાર્થીઓને લાભ આપવાનો લક્ષ્યાંક છે? જિલ્લાના કેટલા ખેડૂતોને ટ્રેક્ટર સહાય આપવામાં આવી ? ડ્રીપ ઈરીગેશનમાં કેટલી કામગીરી થઈ ? કઈ કંપનીઓ કામ કરી રહી છે ? શિક્ષકની ભરતીના ધોરણો જેમાં અનુસૂચિત જાતી, જનજાતી અને બક્ષીપંચના કેટલા ઉમેદવારોની નિમણુંક કરવામાં આવી છે.

## ખેડબ્રહ્મા વાઈફાઈ ટાવરના વિરોધમાં ખેડબ્રહ્માના રહીશ ભૂખ હડતાળ પર બેસતા તંત્ર દોડતુ થયું

ખેડબ્રહ્મા, તા. ૩

ખેડબ્રહ્માની મામલતદાર કચેરી પાછળના દરબારી બંગલા વિસ્તારમાં રસ્તા પૈકીની જમીનમાં અનઅધિકૃત રીતે વાઈ-ફાઈ ટાવર રજાના દિવસે ઉભો કરી દેવામાં આવ્યો હતો. જેને લઈ ત્યાંના રહીશ રમેશભાઈ જી. વૈષ્ણવે નગરપાલિકાને લેખીત જાણ કરી હતી. પરંતુ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી ન કરતા જેને લઈ તા. ૩-૬-૧૩ના રોજ રમેશભાઈ વૈષ્ણવ પોતાના પરિવાર સાથે નગરપાલિકામાં ભૂખ હડતાળ પર બેસી ગયા હતા. જેને લઈ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

જેને લઈ ખેડબ્રહ્મા ઈન્ચાર્જ મામલતદાર અને ચીફ ઓફીસરે અનઅધિકૃત ટાવર બાંધનારને ત્રણ દિવસમાં ટાવર દૂર કરી દેવાની નોટીસ આપતા રમેશભાઈ વૈષ્ણવ દ્વારા ભૂખ હડતાળ સમેટી લેવામાં આવી હતી.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજ નજીક ટવેરા-બાઈક વચ્ચે અકસ્માત : એકનું મૃત્યુ

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજ ખાતે આવેલ પી.એસ.સી. ચોકડી પાસે બાઈક અને ટવેરા ગાડી વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. બનાવ અંગે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર પી.એસ.સી. ચોકડી પાસે સવારના ૯.૩૦ કલાકે બીક નંબર જીજે-૯-પી-૪૬૬૬ લઈને બાઈકચાલક પસાર થઈ રહ્યો હતો. ત્યારે પાછળથી પૂરઝડપે આવી રહેલી ટવેરા ગાડી નંબર જીજે-૧૫-બીબી-૧૦૧૩ ના ચાલકે ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારી હતી અને અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં બાઈકચાલક ટક્કર વાગતા નીચે પટકાતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ૧૦૮ને કોલ મળતા જ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. પરંતુ તે પહેલા બાઈકચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. બનાવની ફરિયાદ વિજયસિંહ ચૌહાણ (રહે. ભૂલેશ્વર, તા. દહેગામ)એ પ્રાંતિજ પોલીસમથકે નોંધાવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આ

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧